SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section
Main office,
First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by NAAC

**પરિપત્ર :–**

સંદર્ભ:–(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી , ગાંધીનગરના ક્રમાંક :હ–૨/સ્કો/૨૮૪૨–૩૩૮૫/૨૦૧૭ તા ૨૯/૦૯/૧૭
(૨) અત્રેના વિભાગ ની તા.૧૧/૧૦/૨૦૧૭ ની નોંધમા પ્રાપ્ત આદેશ

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી , ગાંધીનગર તરફથી આવેલ પત્રના સંદર્ભ (૧)ના પત્રોઅનુસાર **" રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓના લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીજીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત "** નો સંબંધીત પત્ર આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવા વિનંતી.

બિડાણ :– (૧) સંદર્ભ (૧)નો પત્ર (૩ પેઈજ)

**આયોજન અને વિકાસ અધિકારી**

ક્રમાંક/પીજીટીઆર/ક/૩૦૦૦/૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૧૬/૧૦/૨૦૧૭

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ
(૨) યુનિવર્સિટી માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ
} વેબ સાઈટ મારફત

<u>નકલ સાદર રવાના:–</u>
માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના:–</u>
(૧) ઓડીટ વિભાગ (૨) હિસાબ વિભાગ
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર,(વેબસાઈટ ઉપર **" જુદી જુદી શિષ્યવૃતિઓના લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીજીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા અંગે "** શિર્ષક અંતર્ગત પ્રસિધ્ધ કરવા માટે)

<u>ફોર્મ ભરવાની છેલ્લી</u> <u>તા.૩૦/૧૧/૨૦૧૭</u>

૨૮૪૨-૩૩૮૫
ક્રમાંક: હ–૨/સ્કો/૨૦૧૭/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૨૯/૦૯/૨૦૧૭

પ્રતિ,
- ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
- આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ...

વિષય:– રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભ:–(૧) શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:એસસીએચ/ ૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંક:હ–૨/સ્કો/ ૨૦૧૭/ ૧૯૦૭–૨૧૩૯
(૨)અત્રેના પત્રાંક: ક:હ–૨/સ્કો/ ૨૦૧૭/૨૨૧૩–૨૭૫૬ તા.૭/૯/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.

જે ઉક્ત ઠરાવ પર આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરો કરીને અમલ માટે આપશ્રીઓને અગાઉ મોકલી આપવામાં આવેલ છે. આ ઠરાવને સદર કચેરીના પોર્ટલ **egyan.org.in** પર પણ મૂકવામાં આવેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી શાળા તથા કોલેજોના વિધાર્થીઓ અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાગુ પડતી યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે ઑન લાઈન પોર્ટલ વિકસાવવામાં આવી રહેલ છે. <u>જેનું એડ્રેસ **https://www.digitalgujarat.gov.in** છે. જે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને વિધાર્થીઓ પોતે ઓન લાઈન અરજી કરી શકે તે માટે સદર પોર્ટલને હવે ખુલ્લુ મુકવામાં આવેલ છે જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૧૭–૧૮ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવાની રહેશે.</u>

જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના તાબા હેઠળની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓ તેમજ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ આ શિષ્યવૃત્તિઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે શાળા/કોલેજ/સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા જણાવવામાં આવે છે.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના શાળા/કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને સદર કાર્યવાહી તા.૩૦/૧૧/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે. વિધાર્થીઓના ધ્યાન પર લાવવા માટેની જાહેર વિજ્ઞપ્તિ આ સાથે સામેલ છે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ:ઉપર મુજબ

નકલ સવિનય રવાના :–

- કમિનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ..
- કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, સેકટર.૧૦ગાંધીનગર તરફ જાણ તથા આપના તાબાની ઈજનેરી કોલેજોમાં જાણ કરવા સારૂ....
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોકનં.૫, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર તરફ જાણ તથા આપના તાબાની મેડીકલ, ફાર્મસી કોલેજોમાં જાણ કરવા સારૂ....
- નિયામકશ્રી, આયુર્વેદ અને હોમીઓપેથીની કચેરી, બ્લોકનં.૧, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર જાણ તથા આપના તાબાની આયુર્વદ કોલેજોમાં જાણ સારૂ...

# જાહેર વિજ્ઞપ્તિ

## (ઉચ્ચ શિક્ષણની શિષ્યવૃત્તિ મેળવવા માંગતા સરકારી તેમજ બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ શાળાના વિધાર્થીઓ જોગ)

રાજ્યની તમામ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ તેમજ કોલેજ અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા તમામ કેટેગરીના વિધાર્થીઓ માટે રાજ્ય સરકારશ્રીએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ તા.૧૪/૮/૨૦૧૭ થી જુદી જુદી શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ સરકારશ્રી તરફથી ચાલુ વર્ષ સને.૨૦૧૭-૧૮થી શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા તથા વિધાર્થીઓના વાલીની આવકમાં વધારો કરવામાં આવેલ છે. આમ આ સુધારેલ યોજનાનો લાભ ગુજરાત સરકારશ્રીના ઓન લાઈન પોર્ટલ પરથી ઓન લાઈન પધ્ધતિથી આપવાનો નિર્ણય કરીને **www.digitalgujarat.gov.in** પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે. જેથી આ યોજનાઓ હેઠળ ચાલુ વર્ષમાં ફ્રેશ શિષ્યવૃત્તિ તરીકે લાભ લેવા ઈચ્છતા વિધાર્થીઓએ ઓન લાઈન ફોર્મ ભરીને પોતાની જે તે શાળા/કોલેજ/યુનિવર્સિટીને સબમીટ કરવાના રહેશે. કઈ યોજના માટે કયા પ્રકારના આધારો રજુ કરવાના છે તેની વિગતો સદર પોર્ટલ પર મૂકવામાં આવેલ ઈન્સ્ટ્રક્શન અને એટેચમેન્ટની વિગતો ધ્યાને લેવાની રહેશે. સરકારશ્રીની આ યોજનાઓનો લાભ લેવા માટે સબંધિત તમામ વિધાર્થીઓને જણાવવામાં આવે છે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર